તા. ૨૮-૦૧-૨૦૨૫
દિવ્ય ભાસ્કર, પાના નં. ૦૧






❝ બે દિવસમાં લગ્નો તથા અન્ય ઈવેન્ટ્સ હોવા છતાં ગેરવર્તન કે ટ્રાફિકની સમસ્યાની એક પણ ફરિયાદ થઈ નહીં. આ માટે અમદાવાદ પોલીસ, સ્ટેડિયમ મેનેજમેન્ટ સહિત સૌનો આભાર. - **હર્ષ સંઘવી,** *ગૃહ રાજ્યમંત્રી*

❝ કોલ્ડપ્લેની અમદાવાદ કૉન્સર્ટ સાથે લાઈવ એન્ટરટેઈનમેન્ટના ક્ષેત્રમાં ભારતે નવો મોરચો ખોલી દીધો છે.
- **આનંદ મહિન્દ્રા,** *ઉદ્યોગપતિ*



# અમદાવાદમાં કોલ્ડપ્લેનો નવો રેકોર્ડ : દેશમાં પહેલીવાર 1.34 લાખ લોકોએ ટિકિટ ખરીદી કૉન્સર્ટ નિહાળી હોય એવો સૌથી મોટો શો

## આ પહેલાં એક્ટર-સિંગર દોસાંજ અને કેનેડિયન સિંગર જસ્ટિન બીબરના શોમાં 50-50 હજાર દર્શક આવ્યા હતા

**અમદાવાદ।** બ્રિટિશ રૉક બેન્ડ કોલ્ડપ્લેના અમદાવાદમાં બે લાઈવ શૉએ નવો રેકોર્ડ રચ્યો છે. રવિવારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાયેલી કૉન્સર્ટમાં રેકોર્ડબ્રેક 1.34 લાખ લોકો ઉપસ્થિત હતા. દેશમાં પહેલીવાર ટિકિટ ખરીદીને 1.34 લાખ લોકોએ કૉન્સર્ટ માણી હોય એવું બન્યું છે. આ આંકડો ખુદ કોલ્ડપ્લેએ સોશિયલ મીડિયા પર જાહેર કર્યો હતો. આ સાથે પહેલીવાર ટિકિટથી પ્રવેશ મળે એવી કૉન્સર્ટે 1 લાખ દર્શકોનો આંકડો પાર કર્યો છે. આ પહેલાનો આંકડો 60 હજારનો છે. આ અગાઉ દિલજીત દોસાંજ અને જસ્ટિન બીબરની કૉન્સર્ટમાં 50-50 હજાર દર્શકો ઉપસ્થિત રહ્યા હતાં. વર્ષ 2020માં હલ્દિયામાં હનિસિંહના શૉમાં 2 લાખ લોકો ઉમટ્યા હોવાનો દાવો કરાયો હતો પણ આ દાવાને પુષ્ટિ મળી નહોતી. રવિવારે અમદાવાદની કૉન્સર્ટ સાથે કોલ્ડપ્લેની ઈન્ડિયા ટૂર સમાપ્ત થઈ છે. બેન્ડે ભારતમાં ...અનુસંધાન પાના નં. 13

### અમદાવાદ મેટ્રોમાં બે દિવસમાં 4 લાખથી વધુ લોકોએ પ્રવાસ કર્યો

| દિવસ | પેસેન્જર્સની સંખ્યા | ટ્રીપ્સ |
|---|---|---|
| શનિવાર | 2,13,735 | 406 |
| રવિવાર | 1,91,529 | 427 |
| **કુલ** | **4,05,264** | **833** |

**કોન્સર્ટ માટે** રેકોર્ડબ્રેક 2.5 લાખ મુલાકાતીઓ આવ્યા અને 1.70 લાખથી વધુ લોકો ગુજરાત બહારથી આવ્યા

▪ *આ પહેલા 2023માં વર્લ્ડ કપની ભારત-પાક. મેચ વખતે 1.42 લાખ તો વર્લ્ડ કપની ફાઈનલ મેચ વખતે 1.37 લાખ લોકોએ મેટ્રોમાં મુસાફરી કરી હતી.*